# એપીએલ પરિવારને ૪ લીટર સબસિડીવાળું કેરોસીન અપાશે

## ગુજરાતના ગેસ જોડાણ ન ધરાવતા એપીએલ પરિવારોને ફેબ્રુઆરીથી જ રેશનકાર્ડ દીઠ ચાર લીટર કેરોસીન અપાશે

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના ગેસ જોડાણ વિનાના એપીએલ પરિવારોને ફેબ્રુઆરી ૨૦૧૯થી રેશનકાર્ડ દીઠ ચાર લીટર સબસિડાઇઝ્ડ કેરોસીન જાહેર વિતરણ વ્યવસ્થા અન્વયે ઉપલબ્ધ કરાવવાનો સંવેદનાસ્પર્શી નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણયને પરિણામે ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં છઁન્ રેશનકાર્ડ ધારકોને હવે આ ૪ લીટર કેરોસીનનો સરળતાથી લાભ મળતો થવાનો છે. મુખ્યમંત્રી સમક્ષ પ્રત્યક્ષ અને જિલ્લા પ્રવાસો દરમ્યાન લોકપ્રતિનિધિઓ, વિવિધ સંગઠનો અને જરૂરતમંદ વર્ગોએ આ કેરોસીનનો જથ્થો જે રાજ્યના જિલ્લામથકોએ તા. ૧ ડિસેમ્બર-૨૦૧૮થી અને અન્ય વિસ્તારોમાં તા. ૧ જાન્યુઆરી-૨૦૧૯થી બંધ કરવામાં આવ્યો હતો તે પૂનઃ સરળતાથી મળી રહે તે માટે રજૂઆતો કરી હતી.

વિજય રૂપાણીએ આ રજૂઆતો પ્રત્યે સંવેદનાસ્પર્શી સકારાત્મક પ્રતિસાદ આપતાં હવે ૧ લી ફેબ્રુઆરીથી આઠ મહાનગરપાલિકા વિસ્તાર સિવાય સમગ્ર રાજ્યમાં કાર્ડ દીઠ મહત્તમ ૪ લીટર કેરોસીન છઁન્ રેશનકાર્ડ ધારકોને આપવાનો નિર્ણય કર્યો છે. રાજ્યના ૪૭ લાખ જેટલા પરિવારોને આનો લાભ મળશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે દેશભરમાં ધૂમાડામુક્ત, સ્વાસ્થ્ય અને પર્યાવરણ જાળવણી પ્રેરક બળતણ સુવિધા મળે તે હેતુથી પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનો વ્યાપ ગેસ જોડાણ વિનાના તમામ પરિવારો સુધી વિસ્તારવાનો કેન્દ્રની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારનો ઉદાત્ત અભિગમ છે.

અન્ન, પૂરવઠા મંત્રી જયેશ રાદડીયાએ આ અંગે જણાવ્યું કે આવા પરિવારોને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના-એકસપાંડેડનો અથવા રાજ્ય સરકારની ઁદ્રય/ઁન્ય સહાય યોજનાનો ઝડપથી લાભ પ્રાપ્ત થાય ત્યાં સુધી જરૂરતમંદ પરિવારોને સબસીડાઇઝડ કેરોસીન પણ વૈકલ્પીક ઈંધણ રૂપે વધારાના જથ્થા તરીકે મળતું થાય તેવા ગરીબ સંવેદનાલક્ષી અભિગમથી મુખ્યમંત્રીએ આ નિર્ણય કર્યો છે.

# વિધાનસભા સચિવાલયના કર્મયોગીઓ માટે યોગ અભ્યાસ વર્ગ યોજાયો

## ઊર્જાવાન જીવન જીવવા માટે યોગ ખૂબ જ જરૂરી : વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી

ગાંધીનગર, તા. ૫

ઊર્જાવાન જીવન જીવવા માટે યોગનો અભ્યાસ ખૂબજ જરૂરી છે. કાર્યમાં ઉત્સાહ જળવાઇ રહે તે માટે અન્ય તાલીમની સાથે શાંતિમય, સ્વસ્થ અને સ્ફૂર્તિમય જીવન જીવવાની તાલીમ પણ લેવી જોઇએ તેમ, વિધાનસભા સચિવાલય ખાતે કર્મયોગીઓના સ્વસ્થ્ય જીવન પ્રણાલી માટે યોજાયેલા યોગ અભ્યાસ વર્ગનો શુભારંભ કરાવતા વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું.

અધ્યક્ષે કહ્યું હતું કે, વિધાનસભાના કર્મયોગીઓના સર્વાંગી વિકાસ માટેનો છેલ્લા ૧ વર્ષમાં આ ચોથો કાર્યક્રમ છે. યોગમાં શ્વાસોશ્વાસના વિવિધ પ્રયોગો અને તેના ફાયદા પંચતત્વોની સ્વ અનુભૂતિ અને વિઝ્યુલાઈઝેશન જેવી પદ્ધતિ દ્વારા જીવનમાં શાંતિની અનુભૂતિ થાય છે જેના પરિણામે અધિકારીઓ અને કર્મચારીઓની કાર્યશક્તિમાં નોંધપાત્ર વધારો થાય છે તેમ પણ ત્રિવેદીએ ઉમેર્યું હતું.

ગણેશ વાસુદેવ માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો ખાતે આયોજિત આ અભ્યાસ વર્ગમાં યોગગુરૂ શ્રીયુત રક્ષાબેન રાજે કર્મયોગીઓને યોગ અને શ્વાસ લેવાની વિવિધ મુદ્રાઓ, યોગ શરીર સંચાલનમાં કેવી રીતે મદદરૂપ થઇ શકે તેના ઉપાયો રજૂ કરીને ઉપસ્થિત કર્મયોગીઓને પ્રત્યક્ષ અભ્યાસ કરાવીને યોગથી થતા વિવિધ ફાયદાઓની અનુભૂતિ કરાવી હતી.



વિધાનસભાના નાયબ સચિવ કરોવાએ સ્વાગત પ્રવચન અને શાખા અધિકારી સૈયદભાઇએ આભારવિધિ કરી હતી. અભ્યાસ વર્ગમાં વિધાનસભા સચિવાલયના અધિકારીઓ-કર્મચારીઓએ મોટી સંખ્યામાં રસપૂર્વક ભાગ લઇને આ પ્રકારના વિકાસલક્ષી આયામોને આવકાર્યા હતા.

# સાઈ ટ્રેનિંગ સેન્ટર ખાતે વિવિધ રમતોના ખેલાડીઓની પસંદગી પ્રક્રિયાનું આયોજન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં સેકટર-૧૫ સ્થિત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતેના તાલીમ કેન્દ્ર ખાતે આગામી તા. ૧૩મી ફેબ્રુઆરીથી તા. ૧૫મી ફેબ્રુઆરી દરમિયાન વિવિધ આઠ રમતો માટે પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ પસંદગી પ્રક્રિયામાં એથ્લેટિકસ, બાસ્કેટ બોલ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, રેસલિંગ, વોલીબોલ અને બોકિંસગનો સમાવેશ થાય છે. જેમાં બાસ્કેટ બોલ, ફુટબોલ અને હોકીમાં માત્ર બૉયઝ અને બાકીની રમતોમાં બૉયઝ અને ગર્લ્સ બંનેની પસંદગી પ્રક્રિયા યોજાશે.

સાઈ સંકુલના એસટીસી ખાતે યોજાનાર પસંદગી પ્રક્રિયામાં વ્યકિત રમતોમાં ખેલાડીની વય મર્યાદા ૧૨ થી ૧૮ વર્ષ જયારે ટીમ રમતોમાં ખેલાડીની વય મર્યાદા ૧૦થી ૧૪ વર્ષની નિયત કરવામાં આવી છે. ખેલાડીઓને પસંદગી થયા બાદ વાર્ષિક ૩૩૦ દિવસની નિષ્ણાત કોચ દ્વારા સઘન તાલીમ આપવામાં આવશે. તેમજ રહેવા જમવાની નિઃશુલ્ક વ્યવસ્થા પુરી પાડવામાં આવશે, આ ઉપરાંત તાલીમ દરમિયાન ખેલાડીઓને વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવાની તક, સ્પોર્ટસ કીટ, મેડીકલ સુવિધા તથા વીમા કવચ અને અભ્યાસ ખર્ચ પણ પુરા પાડવામાં આવશે. પસંદગી પ્રક્રિયામાં સામેલ થનાર ખેલાડીએ પોતાના ખર્ચે તમામ ઓરિજીનલ દસ્તાવેજો તેમજ જિલ્લા રાજય કે રાષ્ટ્રીય કક્ષાએ જો પ્રદર્શન કર્યું હોય તેના રાષ્ટ્રીય ફેડરેશનના પુરાવા સાથે પોતાની વયનો પુરાવો, આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક અને રમતગમત અંગેના પ્રમાણપત્રો લઈને આવવાનું રહેશે.

## પૂ. વલકુબાપુ મંગળુબાપુ ભગતને પૂજ્ય ધ્યાનસ્વામી બાપા એવોર્ડ

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ વર્ષ ૨૦૧૯નો 'પૂજ્ય ધ્યાનસ્વામી બાપા એવોર્ડ-૯' તા. ૧૯મી ફેબ્રુઆરીએ આ એવોર્ડ અર્પણ કરાશે. સૌરાષ્ટ્ર-ગુજરાતથી દેહાણ જગ્યાને તેના સર્વધર્મને લક્ષ્યમાં લઈને આ એવોર્ડ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯નો એવોર્ડ સંતશ્રી દાન મહારાજની જગ્યા મુ. ચલાલા, જિ. અમરેલીના જગ્યાના મહંત શ્રી પૂ. વલકુબાપુ મંગળબાપુ ભગતને અર્પણ કરવામાં આવશે.

આ એવોર્ડને સૂત્રમાલા, તિલક, શાલ, સ્મૃતિ (એવોર્ડ) રૂ. ૧,૨૫૦૦૦ રોકડ અર્પણ કરવામાં આવશે. પૂ. મોરારીબાપુ વતી શ્રી હરિશ્ચંદ્ર જોશીએ જણાવેલ છે.

## બામણા ગામમાં એન.એસ.એસ.ની વાર્ષિક ગ્રામચેતના શિબિર યોજાઈ

ભિલોડા, તા. ૫

સ્વ. એસ.એચ. જોષી અને બી.કે. જોષી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બામણાના એન.એસ.એસ. યુનિટની સાત દિવસીય વાર્ષિક ગ્રામચેતના શિબિર તા. ૨૮-૧-૧૯ થી તા. ૩-૨-૧૯ દરમિયાન પ્રિન્સીપાલ ડૉ. કલ્પનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ દત્તક ગામ બામણામાં યોજાઈ. જેમાં એન.એસ.એસ.ના ૫૦ જેટલા સ્વયંસેવકોએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. આ શિબિર દરમિયાન ફાયર અને સેફટી, બેટી બચાવો, વ્યસનમુક્તિ, વ્યસનની સ્મશાનયાત્રા, બૌદ્ધિક વ્યાખ્યાન, આરોગ્ય વિષયક માર્ગદર્શન, ગ્રામ સફાઈ, સુત્રોચ્ચાર સાથે રેલી, ઈન્દ્રાસી ડેમની મુલાકાત અને રાત્રી કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. આ શિબિરનું સફળ આયોજન એન.એસ.એસ. પ્રો. ઓફિ. નિવૃત્તિનાથ જોષીએ કર્યુ હતુ.

## પાલનપુરમાં ગુપ્તા સમાજ દ્વારા સ્વચ્છ ભારત અને બેટી બચાવો થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

પાલનપુરમાં રવિવારે ગુપ્તા સમાજના યુવાદળ દ્વારા લક્ષ્મણટેકરી હોલ ખાતે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં મુખ્યત્વે બેટી બચાવો બેટી પઢાવો અને સ્વચ્છ ભારત અભિયાનની થીમ પર જુદા-જુદા સાંસ્કૃતિક નાટકો રજૂ કરવામાં આવ્યા હતા. તેમજ વિવિધ પ્રકારના ડાન્સ, કોમેડી રાસ, રાસ-ગરબા તેમજ ભારતની એકતા પર કાર્યક્રમો સમાજના યુવકો, યુવતીઓ અને બાળકો દ્વારા રજૂ કરવામાં હતા. જેમાં સમાજના વિવિધ ક્ષેત્રે સારી પદવી ધરાવતા લોકોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં યુવાદળના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.જે બાદ સમાજના તમામ લોકોએ પોતાના ઘર, આગનું, ગામ અને શહેરને સ્વચ્છ બનાવવા પ્રતિજ્ઞા લીધી હતી.

# ભારત કે મન કી બાત મોદી કે સાથ અભિયાનનો પ્રારંભ

## રૂપાણી-વાઘાણીએ અભિયાનની શરૂઆત કરાવી : ગુજરાત રાજ્યના તમામ ૨૬ લોકસભા ક્ષેત્રો માટે રથોનું પ્રસ્થાન થયું : સંકલ્પપત્ર બનાવવા માટે નવો પ્રયોગ થયો

અમદાવાદ, તા. ૫

ગુજરાત રાજ્યના યશસ્વી મખ્યમંત્રી વિજય રૂપાણીએ ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં ભારત કે મન કી બાત મોદી કે સાથ અભિયાનનો શુભારંભ કરાવી ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રીકમલમ ખાતેથી ગુજરાત રાજ્યના તમામ ૨૬ લોકસભા ક્ષેત્રો માટેના ૨૬ રથોનું પ્રસ્તાવ કરાવ્યું હતું. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે નવિનતમ વિચાર સાથે જનજનના મનની વાત જાણી તે મુજબનું સંકલ્પપત્ર તૈયાર કરવાના વિચાર સાથે દેશના યુવાનો, મહિલાઓ, દલીતો, આદિવાસીઓ, કિસાનો, વેપારીઓ જેવા અલગ અલગ વિષયો ઉપર દેશની પ્રજા ભવિષ્યમાં કયા પ્રકારના બદલાવ ઈચ્છે છે તે માટેના સૂચનો મેળવી તેના આધારે સંકલ્પપત્ર બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે રાજ્યની તમામ ૨૬ લોકસભા બેઠકોમાં રથ મોકલવામાં આવશે જેના દ્વારા જનતાની વચ્ચે જઈ જનતાના સૂચનો મેળવવામાં આવશે. આ માટે એક ટોલ ફ્રી નંબર ૩૫૭૧૭૧૭૧૭પણ રાખવામાં આવેલ છે તેમજ અલગ અલગ સાર્વજનિક સ્થળો પર સૂચનપત્રો માટે દેશમાં ૭૫૦૦૦થી વધારે સૂચનપેટીઓ રાખવામાં આવશે, રથની સ્ક્રીન ઉપર પાંચ વર્ષમાં થયેલ વિકાસ કાર્યો તથા ભવિષ્યના ભારતની ઝાંખી બતાવવામાં આવશે. જનતા પોતાના સૂચનો વિવિધ માધ્યમો જેવા કે, ટોલ ફ્રી નંબર, સૂચન્પત્ર, વોટ્સએપ, વેબસાઈટ, એસએમએસ વગેરે ડિજિટલ માધ્યમો દ્વારા મોકીલ શકશે જેના આધારે સૂચનોની તારવણી કરી સંકલ્પપત્ર તૈયાર કરવામાં આવશે. જનતાના સ્વપ્નનું ભારત બનાવવા, ભારતના ભવિષ્ય તથા વિકાસ માટે જનતાની ઈચ્છાનુસાર સંકલ્પપત્ર તૈયાર કરી જાહેર કરવામાં આવશે. આ પ્રમાણે ચૂંટણીના ભાગરુપે ગુજરાતની તમામ ૨૬ લોકસભા ક્ષેત્રોમાં રથ પ્રસ્થાન કરાવવામાં આવ્યા હતા.



પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪ પહેલા દેશમાં જયારે અરાજકતા, અંધાધૂંધી, ભ્રષ્ટાચાર, નેતૃત્વવિહિનતા જેવી પરિસ્થિતિ હતી ત્યારે દેશની જનતાએ ગુજરાતના સપૂત નરેન્દ્ર મોદી પર વિશ્વાસ મુક્યો હતો જેના પરિણામે છેલ્લા પાંચ વર્ષમાં ભારતે વિકાસની નવી ઉંચાઈઓ સર કરી છે. ગત તારીખ ૩ ફેબ્રુઆરીના રોજ દિલ્હી ખાતેથી રાષ્ટરીય અધ્યક્ષ અમિત શાહના હસ્તે ભારત કે મન કી બાત મોદી કે સાથ શરૂ થયેલા અભિયાન મારફતે જનતાના સૂચનો મેળવી તેના આધારે આવતા પાંચ વર્ષનો રોડમેપ એટલે કે સંકલ્પપત્ર તૈયાર કરવામાં આવશે.

# જન્મ-મરણની નોંધણીના નિયમોમાં ફેરફાર કરતી સરકાર

ગાંધીનગર, તા. ૫

ગુજરાત જન્મ-મરણ નોંધણીના નિયમોમાં સુધારા કરતુ જાહેરનામુ સરકાર દ્વારા જારી કરવામાં આવ્યુ છે.

નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદા અન્વયે "અન્ય" જાતિના હક્કને માન્યતા આપવામાં આવેલ છે. આથી જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ અંતર્ગત જન્મ-મરણ નોંધણીના ફોર્મ અને રજીસ્ટરમાં "અન્ય"જાતિ ઉમેરવાની છે.

રાજ્યના આરોગ્યતંત્રએ ભારત સરકારની સૂચના પછી આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરી દીધુ છે. રાજ્યના આરોગ્ય કમિશનરે પણ આ જાહેરનામાની સાથે આ અંગેના નિયમોમાં કરાયેલા ફેરફારોની જાણકારી આપી અને એક વિસ્તૃત પત્ર પણ સૌ અધિકારીઓને પાઠવ્યો છે.

આ પત્રમાં જણાવ્યા પ્રમાણે જન્મ-મરણના બનાવો એક વર્ષની અંદર નોંધવામાં આવેલ નથી તેવા જન્મ-મરણના બનાવો એકઝી. મેજીસ્ટ્રેટના હુકમથી અને રૂ. ૧૦ લેઈટ ફી લઈને નોંધી શકાશે.

આ ઉપરાંત નિયમ-૧૦માં બાળકના નામની મોડી નોંધણી કલમ-૧૪માં જન્મ નોંધણીના કેસમાં ૧ વર્ષ પછીના કિસ્સામાં નામ સાથે જન્મ નોંધણીની તારીખથી ૧૫ વર્ષ સુધી લેઈટ ફી રૂ. ૫ લઈને નોંધી શકાશે. રાજ્ય સરકાર દ્વારા નવા જન્મ-મરણ નોંધણી અંગેના ફોર્મ્સ અને રજીસ્ટરો તૈયાર કરવામાં આવી રહ્યા છે અને તે તૈયાર થઈ જિલ્લાઓમાં પહોંચે ત્યાં સુધી જુના ફોર્મ્સમાં સુધારો કરી કામગીરી ચાલુ રાખવાની રહેશે તેમ પણ સ્પષ્ટ જણાવ્યુ છે.



**દિવ્યાંગજનોના હક માટે કાર્યરત ભાનુપ્રસાદ ચૌહાણને આંતરરાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ**

ગાંધીનગરમાં 'સ્પેશિયલ' બાળકો માટે કાર્યરત સંસ્થા સાધના પેરેન્ટસ એસોસિએશન ઓફ મેન્ટલી ચેલેન્જડ પર્સન્સમાં છેલ્લાં ૨૦ વર્ષથી ફરજ બજાવતા તેમજ દિવ્યાંગજનોના હક્ક માટે કાર્યરત એવા ભાનુપ્રસાદ ચૌહાણને તાજેતરમાં દુબાઈ ખાતે યોજાયેલ એક એવોર્ડ સમારંભમાં 'ઈન્ટરનેશનલ એવોર્ડ ફોર રાઈટ્સ ઓફ ડિસેબલ્ડ પર્સન્સ'થી સન્માનવામાં આવ્યાં છે. તાજેતરમાં દુબાઈ ખાતે ચહેઝ ફાઉન્ડેશન ઈન્ડિયા તથા અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ત્રીજી આંતરરાષ્ટ્રીય એનજીઓ એન્ડ સીએસઆર સમિટ યોજાઈ હતી. જેમાં ઈન્ટરનેશનલ એનજીઓ એકસેલન્સી એવોર્ડ-૨૦૧૯ પણ યોજાયા હતા. ગાંધીનગરમાં મનો દિવ્યાંગજનો માટે ૨૦ વર્ષથી કાર્યરત ભાનુપ્રસાદ ચૌહાણને ઈન્ટરનેશનલ એવોર્ડ ફોર રાઈટ્સ ઓફ ડિસેબલ્ડ પર્સન્સથી સન્માનવામાં આવ્યા હતા જે માટેની ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. આ એવોર્ડના કારણે શહેરના તથા સંસ્થાના ગૌરવમાં વધારો થવા પામ્યો છે.

## જિલ્લા રોજગાર કચેરી મહેસાણા દ્વારા તાલુકાકક્ષાએ નોંધણી કેમ્પ યોજાશે

જિલ્લા રોજગાર કચેરી મહેસાણા દ્વારા ૭ ફેબ્રુઆરી તથા ૨૧ ફેબ્રુઆરીના રોજ વિજાપુર આરામગૃહ ખાતે,૧૧ ફેબ્રુઆરીના રોજ બેચરાજી મામલતદાર કચેરી ખાતે, ૧૧ ફેબ્રુઆરીના રોજ તાલુકા પંચાયત ખેરાલું ખાતે,૧૮ ફેબ્રુઆરીના રોજ ઉંઝા તાલુકા પંચાયત ખાતે, ૨૫ ફેબ્રુઆરીના રોજ સતલાસણા તાલુકા પંચાયત ખાતે અને ૨૬ ફેબ્રુઆરીના રોજ કડી તાલુકા પંચાયત ખાતે નામ નોંધણી કેમ્પનું આયોજન કરાયું છે.

## સોમનાથ ટ્રસ્ટ દ્વારા દ્વિતીય દ્વાદશ જયોર્તિલિંગ સમારોહ યોજાશે

સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા આગામી સમયમાં યોજાનાર ત્રી દિવસીય કાર્યક્રમને લઈને પાલનપુર સર્કિટ હાઉસ ખાતે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

૨૩ થી ૨૫ ફેબ્રુઆરી સુધી દ્વિતીય દ્વાદશ જ્યોર્તિલિંગનું ત્રી દિવસીય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જીલ્લા મથક પાલનપુર ખાતે નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે નગરયાત્રા અંબાજીથી પ્રસ્થાન થઈ પાલનપુર ખાતે પહોંચશે. અને શહેરના મુખ્ય માર્ગો પર ફરી પાતાળેશ્વર મહાદેવ મંદિર ખાતે પહોંચશે. જ્યાંથી ડીસા જવા માટે પ્રસ્થાન કરશે. જે કાર્યક્રમ ને લઈને પાલનપુર ખાતે સોમનાથ ટ્રસ્ટ દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ઈલેક્ટ્રીક બસો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી છે. ગુજરાત એસ.ટી. એ ભારતના ૬૨ એસ.ટી.યુ.માં સૌથી વધુ બસ બોડી બનાવવાનું તેમજ ઈન હાઉસ સ્લીપર કોચ બસ બોડી બનાવતું પ્રથમ નિગમ બનવા પામશે. અત્યાર સુધીમાં કુલ- ૧૦૦૧ બસ બોડીની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. દરરોજ ૬ અને માસિક ૧૭૦ બસ બોડી બનાવવાની ઉત્પાદન ક્ષમતા મેળવવામાં આવી છે. રાજયના ૯૯ ટકા ગામડાઓમાં બસની સુવિધા આપવામાં આવે છે. અમદાવાદ- ગાંધીનગર વચ્ચે લેટેસ્ટ એમીશન નોમર્સના તદ્દન નવા વાહનો સંચલાનમાં મુકવાથી પ્રદૂષણનું પ્રમાણ પણ ઘટવા પામશે. એસ.ટી. નિગમના કર્મયોગીઓને તેમની ઉમદા કામગીરી માટે અભિનંદન પણ પાઠવ્યા હતા.

સહકાર, રમત-ગમત યુવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ અને વાહન વ્યવહાર રાજય મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ- ૧૯૭૧ માં ગાંધીનગર ડેપો ખાતેથી શહેરી સર્વિસની શરૂઆત કરવામાં આવી હતી. ગાંધીનગર ખાતેની સરકારી કચેરીઓ ખાતે ફરજ બજાવતા કર્મચારીઓને સુવિધા આપવા અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાંથી કુલ- ૮૪ પોઈન્ટ સર્વિસોનું સંચાલન કરવામાં આવે છે. હાલમાં ૧૨૧ શિડ્યુલ, ૪૧ હજાર કિ.મી., ૧૦૦૮ ટ્રીપો અને ૧૪૧ રૂટ તથા ૧૫૩ પોઈન્ટ સર્વિસ હાલ કાર્યરત છે. તેમજ વિકાસ રૂટની સેવાનો લાભમાં મુસાફર અને વિદ્યાર્થીઓ મળી ૪૫૪૭ પાસ અને ૭ હજાર મુસાફરો લઈ રહ્યા છે. ગ્રામ્ય ટ્રીપોમાં ૮૨ ટ્રીપો, ૧૫૦૦ પાસ અને ૪ હજાર મુસાફરો વિકાસ રૂટ થકી દિવસ દરમ્યાન સંચાલન કરવામાં આવી રહ્યું છે. નરોડા વર્કશોપમાં બસ બોડી બિલ્ડીંગની કામગીરી માટે જરૂરી મશીનરી, ટુલ્સ, કર્મચારીઓની સેફટી માટે જરૂરી તમામ સાધન સામગ્રી પુરી પાડવામાં આવી છે. અગત્યના મટીરીયલની ભારત સરકારના પી.એસ.યુ. એકમોમાંથી સીધી જ ખરીદી કરવામાં આવે છે. સૌ પ્રથમ વખત ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ખાતે ટેસ્ટીંગ કરાવવામાં આવેલ જે પરીક્ષણમાં પાસ થયેલ છે. આ પ્રસંગે જનરલ મેનેજર બી.ડી. વાઘેલાએ સ્વાગત પ્રવચન અને જનરલ મેનેજર એન.એમ. બરવેએ આભારવિધી કરી હતી.

## હોબાળો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

બજેટ સત્રની કાર્યવાહીની શરૂઆત કરવા રાજ્યપાલ રામનાઈક અભિભાષણ માટે આવી પહોંચ્યા. તે દરમિયાન જ વિરોધ પક્ષના સભ્યોએ તેમના તરફ કાગળના ગોળા ફેંક્યા અને ભારે નારેબાજી કરી. રાજ્યપાલે લગભગ ૧૧ વાગ્યે સદનમાં ભાષણ વાંચવાનું શરૂ કર્યું કે વિરોધ પક્ષોએ હોબાળો મચાવવાનું શરૂ કરી દીધું. તેમણે 'રાજ્યપાલ વાપસ જાઓ'ના નારા લગાવ્યા અને નાઈક તરફ કાગળના ગોળા ફેંક્યા. જોકે રાજ્યપાલ વિરૂદ્ધ ફેંકાયેલા કાગળના ગોળા તેમના સુધી પહોંચ્યા નહોતા અને સુરક્ષાકર્મીઓ ઢાલ બનાવીને તેને અધવચ્ચે જ અટકાવી દીધા હતાં. જોકે વિરોધ પક્ષોની આ ધમાલ વચ્ચે પણ રાજ્યપાલે પોતાનું અભિભાષણ યથાવત રાખ્યું હતું અને પ્રદેશ સરકારની જુદી જુદી યોજનાઓ અને સફળતાઓ વિશે શ્રેણીબદ્ધ રીતે જાણકારી આપી હતી. આમ સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને કોંગ્રેસ વિરોધ કરવા જતા વિધાનસભાની ગરિમા ભૂલ્યા હતાં.

## આફત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્યમંત્રીનું હેલિકોપ્ટર ઝારખંડના બોકારોમાં ઉતરાણ કર્યું હતું. ત્યારબાદ માર્ગ મારફતે તેઓ પુરુલિયામાં જનસભા સ્થળે પહોંચ્યા હતા. જનસભાને સંબોધતા યોગીએ કહ્યું હતું કે, દોઢ વર્ષ પહેલા આ બંગાળમાં શારદા નવરાત્રિની દુર્ગાપૂજા અને મોહર્રમનો કાર્યક્રમ એક સાથે આવ્યા હતા. મમતા સરકારે મોહર્રમ કાર્યક્રમને મંજુરી આપી હતી પરંત દુર્ગાપૂજાના કાર્યક્રમમાં પ્રતિબંધ મુકી દીધો હતો. યોગીએ એમ પણ કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં ખુબ સારી રીતે સરકાર ચાલી રહી છે જે દિવસે ભાજપની સરકાર બંગાળમાં આવી જશે તે જ દિવસે ટીએમસીના ગુંડાઓ પણ ગળામાં બચાવી લેવા માટેના કાગળો લટકાવીને ફરતા થઈ જશે. જે રીતે હાલમાં ઉત્તરપ્રદેશમાં સપા અને બસપાના ગુંડાઓ ગળામાં બેનર લટકાવીને ફરી રહ્યા છે અને માફ કરી દેવાની વાત કરી રહ્યા છે. વધુ અન્યાય નહીં કરવાની ભીખ માંગી રહ્યા છે. યોગીએ કહ્યું હતું કે, જે ધરતી વિપરિત સ્થિતિમાં દેશને કુશળ શાસન આપ્યું છે ધરતી બંગાળમાં અરાજકતાનું શાસન થયેલું છે. સ્વામી વિવેકાનંદે સમગ્ર દુનિયાની અંદર રહેતા હિન્દુ લોકોને કહ્યું હતું કે, હિન્દુ છીએ તેમ ગર્વ સાથે કહેવાની જરૂર છે. આ ભાવના પેદા કરતી જમીન છે. સ્વામી વિવેકાનંદે દુનિયાભરમાં ફરીને કહ્યું હતું કે, પોતાના ધર્મ અને સંસ્કૃતિ ઉપર ગૌરવ થાય તે જરૂરી છે. આ બંગાળની ધરતી છે જેમાં ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોર થયા છે. રાષ્ટ્રગીતનું ગૌરવ આજ ધરતીએ આપ્યું છે. યોગીએ કહ્યું હતું કે, તેમને આશ્ચર્ય થાય છે કે, બંગાળની ધરતી જે હકીકતમાં ભારતીય જનતા પાર્ટીની હોવી જોઈએ ત્યાં ભ્રષ્ટ મમતા બેનર્જીના નેતૃત્વવાળી સરકાર આવી ગઈ છે.

## હાજર થવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચીફ જસ્ટિસે કહ્યું હતું કે, આખરે કમિશનર સીબીઆઈની સામે ઉપસ્થિત કેમ થઈ રહ્યા નથી. ચીફ જસ્ટિસે પ્રશ્ન કર્યો હતો કે, પશ્ચિમ બંગાળ સરકારને સુપ્રીમ કોર્ટના આદેશને લઈને વાંધો શું છે. ચીફ જસ્ટિસના નેતૃત્વવાળી બેંચે કહ્યું હતું કે, કોલકાતા પોલીસ કમિશનરને તપાસમાં સામેલ થવાનો આદેશ આપવામાં કોઈપણ વાંધો નથી. સોમવારના દિવસે સીબીઆઈ દ્વારા અરજી કરવામાં આવી હતી. બીજી બાજુ કોલકાતા હાઈકોર્ટમાં કોલકાતાના પોલીસ કમિશનર રાજીવ કુમાર સાથે જોડાયેલી અરજી પર સુનાવણી ટળી ગઈ છે. મામલો સુપ્રીમ કોર્ટમાં હોવાના લીધે તેમાં સુનાવણી ગુરુવાર સુધી ટાળી દેવાઈ છે. સુપ્રીમ કોર્ટમાં એટોર્ની જનરલે કહ્યુ હતુ કે પુરાવા સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. સીટ દ્વારા ટીએમસી સાથે જોડાયેલા લોકોની યોગ્ય રીતે તપાસ કરવામાં આવી રહી નથી. આ સમગ્ર મામલામાં સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટમાં જોરદાર દલીલો થઈ હતી. બીજી તરફ બંગાળ સરકાર તરફથી ઉપસ્થિત રહેલા વકીલ અને કોંગ્રેસી નેતા અભિષેક મનુ સિંઘવીએ કહ્યુહતુ કે સીબીઆઈ તપાસના નામ પર પોલીસ જવાનોને હેરાન કરવામાં આવી રહ્યા છે. જ્યારે ડીજીપી દ્વારા તપાસમાં સહકારની ખાતરી આપવામાં આવી હતી. સીબીઆઈ અને મમતા સરકારની વચ્ચે ખેંચતાણમાં સીબીઆઈની ટીમે ૧૪ પાનાની એફિડેવિટ રજૂ કરી હતી.શારદા અને રોઝવેલી કૌભાંડના મામલામાં તપાસને લઈને સીબીઆઈ અને પશ્ચિમ બંગાળ સરકાર આમને સામને આવી ચુકી છે. આ મામલો ગઈકાલે લોકસભામાં પણ ગુંજ્યો હતો. કોલકાતા પોલીસ કમિશનર અને સીબીઆઈની ટીમ વચ્ચે ખેંચતાણનો મામલો હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયા બાદ આજે મહત્વપૂર્ણ દલીલબાજી કરવામાં આવી હતી. સીબીઆઈની કાર્યવાહીનો વિરોધ કરીને વિપક્ષે જોરદાર હોબાળો મચાવ્યો છે. બીજી બાજુ કેન્દ્ર સરકાર તરફથી ગૃહમંત્રી રાજનાથસિંહે સ્પષ્ટતા કરી છે કે, સીબીઆઈના અધિકારીઓની સામે પ્રથમ વખત આ પ્રકારનું ખરાબ વર્તન કરવામાં આવ્યું છે. સીબીઆઈના અધિકારીઓ સાથે ઝપાઝપી કરવામાં આવી છે. તેમને બળજબરીપૂર્વક અટકાયતમાં લઈ લેવામાં આવ્યા હતા. શારદા કૌભાંડનો ઉલ્લેખ કરતા રાજનાથસિંહે પોતાની વાતની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે, લાખો લોકોની કમાણીને આંચકી લેનાર કંપનીની સામે તપાસ કરવા સીબીઆઈને સુપ્રીમ કોર્ટ તરફથી મંજુરી મળેલી છે. આ મામલામાં પુછપરછ માટે સીબીઆઈની ટીમ રવિવારના દિવસે રાજીવ કુમારના આવાસ ઉપર પહોંચી હતી. સીબીઆઈને રાજીવના આવાસ ઉપર પહોંચવાની જરૂર કેમ પડી તે અંગે પૂછવામાં આવતા રાજનાથસિંહે કહ્યું હતું કે, રાજીવ તપાસમાં સહકાર આપી રહ્યા ન હતા. સતત સમન્સ છતાં પુછપરછમાં હિસ્સો લેવાના બદલે બહાનાબાજી કરી રહ્યા હતા.

## નવી ટીપી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બે ટી પી સ્કીમો અંગે પણ નિર્ણય લેવાયો છે. ગાંધીનગર શહેરને અડીને આવેલી સાબરમત્તી નદીની પાસેના પાલજ બાસણ અને લવારપુર અને શાહપુરના ગામોને ૩૦૦ હેકટર જમીનમાં ટી પી સ્કીમ નં-૨૫ તેમજ વાસણા હળમતિયા, ઉવારસદ અને વાવોલમાં અંદાજિત ૯૮ હેકટર જમીન માટે ટી પી સ્કીમ નં-૨૬ નો મુસદ્દો તૈયાર કરી દેવામાં આવ્યો છે. રાજય સરકારના નગર નિયોજકને પણ આ મામલે પરામર્શ માટે મોકલવામાં આવશે.આ સ્કીમો અમલમાં આવતાની સાથે ગ્રામ્ય વિસ્તારમાં ખેડુતોને માળખાગત સુવિધાઓ મળી રહેશે. વિકાસને વેગ મળશે. ગુડા દ્વારા વર્ષ ૨૦૧૩ ના એક દાયકાના વિકાસ નકશામાં ગાંધીનગર શહેરની પાછળના ભાગે ન્યુ ગાંધીનગર બનાવાનુ પણ સુચવાયુ હતુ. જે અન્યયે ટી પી સ્કીમનુ કામ હાથ ધરાયુ હોવાનુ મનાઈ રહ્યુ છે. આ ટી પી સ્કીમ નં-૩ અને કોબાના નકશાને સુધારા વધારા સાથે નગર રચના અધિકારીને મોકલી આપવામાં આવ્યો છે. ગુડાના ખર્ચે ખેડુતોને ફાઈનલ પ્લોટની ફરતે તાર ફેન્સીંગ પણ કરી અપાશે.